અન્ય પછાત વર્ગો માટેનું પંચની કચેરીના મહેકમની મુદત લંબાવવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ SJED/CFO/e-file/17/2022/0002/A Section
સચિવાલય,ગાંધીનગર.
તા. ઇ-સાઇન મુજબ

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૩૧/૧૨/૨૦૨૪નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૨) સચિવશ્રી, અન્ય પછાત વર્ગો માટેનુ પંચનો તા.૨૦/૧૧/૨૦૨૫નો પત્ર ક્રમાંકઃઅપવ/પંચ/મકમ/૨૦૨૫/૬૦૩.

ઠરાવઃ-

વંચાણે લીધેલ ક્રમાંકઃ(૧) માં દર્શાવેલ વિભાગના તા.૩૧/૧૨/૨૦૨૪ ના ઠરાવથી અન્ય પછાત વર્ગો માટેનું પંચની કચેરીના મહેકમની જગ્યાઓ તા.૨૮/૦૨/૨૦૨૬ સુધી ચાલુ રાખવા માટેની મંજૂરી આપવામાં આવેલ છે.

અન્ય પછાત વર્ગો માટેનું પંચના વંચાણે લીધેલ ક્રમાંકઃ(૨) ના તા.૨૦/૧૧/૨૦૨૫ના પત્રથી પંચ ખાતેની જગ્યાઓ તા.૨૮/૦૨/૨૦૨૭ સુધી ચાલુ રાખવા દરખાસ્ત કરવામાં આવેલ. જે બાબત વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે અન્ય પછાત વર્ગો માટેનું પંચ, ગાંધીનગર ખાતેની નીચેના કોષ્ટકમાં દર્શાવેલ જગ્યાઓની મુદત નિમ્નલિખિત શરતોને આધીન તા.૨૮/૦૨/૨૦૨૭ સુધી લંબાવવામાં આવે છે.

| અનુ. | જગ્યાનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧ | સચિવશ્રી | ૧(એક) |
| ૨ | પંચના અંગત સચિવશ્રી(અંગ્રેજી સ્ટેનો ગ્રેડ-૧) | ૧(એક) |
| 3 | સચિવશ્રીના અંગત સચિવ(ગુ.સ્ટે.-૨) | ૧(એક) |
| ૪ | કચેરી અધીક્ષક વર્ગ-૩ | ૧(એક) |
| ૫ | નાયબ સેક્શન અધિકારી | ૧(એક) |
| ૬ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી | ૧(એક) |
| ૭ | સંશોધન મદદનીશ | ૨(બે) |
| ૮ | આંકડા મદદનીશ | ૬(છ) |
| ૯ | કારકુન | ૨(બે) |
| ૧૦ | ક્લાર્ક-કમ-ટાઇપીસ્ટ | ૧(એક) |
| ૧૧ | ડ્રાયવર | ૧(એક) |
| | કૂલઃ- | ૧૮(અઢાર) |

શરતો:-

(૧) આ જગ્યાઓ અંગેનું ખર્ચ વર્ષ ૨૦૨૬-૨૭ ના અંદાજપત્રમાં આ હેતુ માટેની ગ્રાન્ટમાંથી મેળવવાનું રહેશે તેમજ નિયત થયેલ સદરે ઉધારવાનું રહેશે.

(૨) આ જગ્યાઓ જે હેતુ માટે ઉભી કરવામાં આવેલ છે તે હેતુ માટે જ ચાલુ રાખવાની રહેશે.

(3) ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી પરંતુ પાંચ વર્ષ કરતાં ઓછા સમયથી ખાલી હોય તેવી જગ્યાઓને અબેયન્સમાં મુકવાની રહેશે.

(૪) અબેયન્સમાં મુકવામાં આવેલ જગ્યાઓને ભરતાં પહેલાં નાણા વિભાગ (કરકસર પ્રભાગ)નો પરામર્શ કરવાનો રહેશે.

(૫) પાંચ વર્ષ કરતાં વધુ સમયથી ખાલી હોય તેવી જગ્યાને રદ કરવાની રહેશે.

(૬) આ હંગામી જગ્યાઓની મુદ્દત પૂરી થયા બાદ જો ચાલુ રાખવાની આવશ્યકતા જણાય તો જગ્યાઓ ચાલુ રાખવાની વિગતવાર દરખાસ્ત મુદ્દત પૂરી થવાના ચાર માસ પહેલાં કરવાની રહેશે.

(૭) જે જગ્યા પર વયનિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂક આપવામાં આવેલ છે તે નિમણૂક અંગે સરકારશ્રીની વખતોવખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા સલાહકારશ્રીના પરામર્શમાં સક્ષમ કક્ષાએથી તા.૧૨/૧૨/૨૦૨૫ની નોંધથી મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રી ના હુકમથી અને તેમના નામે,

**e-Sd/-**

(સમીર ગરાસિયા)

સેકશન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- સચિવશ્રી, અન્ય પછાત વર્ગો માટેનું પંચ, બંગલા નં-૧૩/અ અને ૧૪, ખ ટાઈપ, સેકટર-૧૯,ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું,બ્લોક નંબર:-૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, વિભાગની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા સારૂ.
- શાખા સિલેકટ ફાઇલ-૨૦૨૫.

*Signature Not Verified*
*Signed by: Samir Garasia*
*Section Officer*
*Date:2025.12.13*
*18:02:08 +5:30*



*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*